HSIB

HEALTHCARE SAFETY
INVESTIGATION BRANCH

FAMILY INFORMATION 08-GUJARATI

# HSIBની તપાસ

## કુટુંબની માહિતી

રાષ્ટ્રીય માતૃત્વ સુરક્ષા વ્યૂહરચનાના ભાગરૂપે તપાસ હાથ ધરવા માટે હેલ્થકેર સેફ્ટી ઇન્વેસ્ટિગેશન બ્રાંચ (HSIB)ને એક ભલામણ કરવામાં આવી છે.

અમે સ્વીકારીએ છીએ કે તમારા માટે અને તમારી નજીકના લોકો માટે આ એક મુશ્કેલ ઘડી હોઈ શકે છે અને તમે અમારી સાથે વાત કરવા માટે સમય ફાળવ્યો તે બદલ અમે તમારા આભારી છીએ. અમારી સાથે તમારા અનુભવોની આપ-લે કરીને અમારી તપાસ પ્રક્રિયામાં તમે માહિતી આપશો અને અન્ય લોકોના લાભાર્થે ક્યાં સુધારાઓ કરી શકાય તે જોવામાં અમને મદદ મળશે.

તમારી સંમતિ વિના તપાસો થશે નહિ. તમે કેવી રીતે સામેલ થવા માગો છો એ તમારી પસંદગી છે અને તમે કોઈપણ સમયે પોતાનો વિચાર બદલી શકો છો.

## માતૃત્વ સાથે સંબંધિત અમારી તપાસ વિશે તમને આ મુજબ પ્રશ્નો હોઈ શકે

### HSIB શું છે?

એપ્રિલ 2017થી કાર્યરત અમે ઇંગ્લૅન્ડમાં NHSની બધી શાખાઓમાં સ્વતંત્ર તપાસો કરીએ છીએ. કોઈ એકલદોકલ વ્યક્તિનો દોષ કાઢવાને બદલે અમારું ધ્યાન સંપૂર્ણ તંત્ર પર હોય છે અને અમારું લક્ષ્ય રાષ્ટ્રીય સ્તરે સુધારાઓ લાવવાનું છે. NHS ઇમ્પ્રૂવમેન્ટ અમારા યજમાન છે અને અમને ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ ઍન્ડ સોશિયલ કેર તરફથી ભંડોળ મળે છે, પરંતુ અમે ટ્રસ્ટો, NHS નિયામકો અને અન્ય સંસ્થાઓથી સ્વતંત્ર તરીતે કામ કરીએ છીએ.

### HSIB શા માટે માતૃત્વ સાથે સંબંધિત તપાસો કરી રહ્યું છે?

HSIB ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ ઍન્ડ સોશિયલ કેર તરફથી અમારી સૂચનાઓ પ્રમાણે માતૃત્વના ક્ષેત્રે સુરક્ષામાં સુધારો કરવા માટે સંપૂર્ણ અને સ્વતંત્ર તપાસ કરે છે. દરેક કેસમાં શું થયું તેની હકીકતો અમે દર્શાવીશું અને ત્યારબાદ ભલામણો કરીશું. અમે અમારા અહેવાલોનાં તારણોને જોડીને વ્યાપક નિષ્કર્ષ પર આવી શકીએ છીએ.

### મારા બાળક/કુટુંબીજન સાથે જે થયું તે અંગે HSIB શા માટે તપાસ કરી રહ્યું છે?

અમારા નિર્દેશો HSIBને પ્રસૂતિ બાદ પૂરા સમયે જન્મેલાં બધાં શિશુઓની તપાસ કરવાની સૂચના આપે છે (પ્રસવકાળના ઓછામાં ઓછા 37+0 અઠવાડિયાં પૂરાં થયેલાં હોવાં જોઈએ), જેઓમાં નીચે પૈકીનું એક પરિણામ જોવા મળે:

- **પ્રસવપીડા શરૂ થયા બાદ અને પ્રસૂતિ પૂર્વે શિશુનું ગર્ભમાં મૃત્યું.** પ્રસવપીડાની શરૂઆત વખતે શિશુ જીવિત હોવાનું માનવામાં આવે, પરંતુ જીવિત હોવાનાં કોઈ ચિહ્નો વિના જન્મ લે.
- **પ્રસવ બાદ થોડા દિવસોમાં જ મૃત્યુ થવું.** જ્યારે શિશુ કોઈપણ કારણ વિના જીવનના પ્રથમ અઠવાડિયામાં (0થી 6 દિવસો)માં મૃત્યુ પામે.
- મગજની સંભવિતપણે ગંભીર ઈજા, જેનું નિદાન જીવનના પ્રથમ સાત દિવસોમાં થાય, જ્યારે શિશુને:
  - ગ્રેડ III હાઇપૉક્સિક ઇશેમિક ઍન્સેફેલોપથી (HIE) (મગજમાં ઑક્સિજન ન પહોંચવાને કારણે થતી એક ગંભીર ઈજા)નું નિદાન થાય.
  - ઔષધીય રીતે ઠંડું કરવામાં આવ્યું (માત્ર સક્રિય કૂલિંગ).
  - તેના મધ્યસ્થ ધ્વનિમાં ઘટાડો થયો હોય અને તે બેભાન હોય તથા કોઈપણ પ્રકારની આંચકીઓ આવી હોય.

અમે એવાં શિશુઓની તપાસ કરતા નથી, જેમનું પરિણામ જન્મજાત ખામીઓને કારણે ઊભું થયું હોય.

## પ્રસવપીડાની વ્યાખ્યા આ પ્રમાણે છે:

- ગર્ભાશય ગ્રીવા 4 સેમીથી ઓછી પહોળી થયેલ હોય ત્યારે પ્રસવપીડાના છૂપા તબક્કા સહિત તબીબી નિષ્ણાત દ્વારા નિદાન કરાયેલ કોઈપણ પ્રસવપીડા.
- જ્યારે સ્ત્રીએ પ્રસવપીડામાં હોવા અંગે કોઈપણ ચિંતાઓ અંગે જાણ કરવા માટે યૂનિટને જાણ કરી હોય, દાખલા તરીકે (પરંતુ તેના સુધી જ મર્યાદિત નહિ) પેટનો દુ:ખાવો, સંકોચન અથવા મેમ્બ્રેન ફાટ્યો હોવાની શંકા.
- પ્રસવપીડાની શરૂઆત.
- જ્યારે મેમ્બ્રેન પ્રસવપીડા પૂર્વે ફાટ્યો હોવાની શંકા કે પુષ્ટિ થઈ હોય ત્યારબાદ શિશુ જીવિત હોવાનું માનવામાં આવતું હોય.

અમારા નિર્દેશો અનુસાર, જ્યારે માતાને પ્રસવપીડા થઈ ન હોય એવા નવજાત શિશુઓના કેસોની અમે તપાસ કરતા નથી. દાખલા તરીકે, માતાને સંકોચનો શરૂ થાય અથવા તેના મેમ્બ્રેન ફાટવા માંડે તે પહેલાં કરવામાં આવેલ સિઝેરિયન સેક્શન.

ગર્ભવતી હોવા દરમિયાન અથવા ગર્ભાવસ્થાનો અંત આવ્યાના 42 દિવસોની અંદર સ્ત્રીઓના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માતૃત્વ સાથે સંબંધિત મોતની ઘટનાઓની પણ અમે તપાસ કરીશું.

પ્રત્યક્ષપણે થતાં મોતમાં શસ્ત્રક્રિયા, ભૂલચૂક, ખોટી સારવાર અથવા ઉપર પૈકીના કોઈપણમાંથી પરિણમતી ઘટનાઓની શૃંખલાને કારણે ગર્ભાવસ્થા (ગર્ભવતી હોવાની સ્થિતિ, પ્રસવપીડા અને બાળજન્મ બાદની સ્થિતિ) સાથે સંબંધિત બાળજન્મ વિષયક જટિલાતામાંથી પરિણમતાં મોતનો સમાવેશ થાય છે.

પરોક્ષ રીતે થતાં મોતમાં અગાઉ હોય એવા રોગ અથવા ગર્ભાવસ્થા દરમિયાન થયેલા રોગો અને જે બાળજન્મ કે તેને લગતાં કારણોના સીધા પરિણામે થયા ન હોય, પરંતુ બાળજન્મ પૂર્વે અને પછીના સમયગાળામાં (ગર્ભાવસ્થાના અંત દરમિયાન કે તે સમયગાળાની અંદરના 42 દિવસો) ગર્ભાવસ્થાની દેહધાર્મિક અસરોને કારણે પરિસ્થિતિ વકરી હોય તેનો સમાવેશ થાય છે.

અમે માતૃત્વ સાથે સંબંધિત કેટલાંક એવાં મોતની તપાસ કરીએ છીએ, જે ઉપરના બે વર્ગોમાં સંપૂર્ણપણે બંધબેસતાં ન હોય.

અમારા નિર્દેશોમાં એવા કેસોની તપાસનો સમાવેશ થતો નથી, જેમાં આત્મહત્યા એ મૃત્યુનું કારણ હોય.

### હું આ તપાસમાં ભાગ ન લેવા માગું તો?

પૂરી પાડવામાં આવેલી સંભાળ અંગે તપાસ હાથ ધરવા બાબતે અમને તમારી સંમતિની જરૂર છે અને અમે તેની કદર કરીએ છીએ. જો તમે પોતાની સંમતિ આપવા માગતા ન હો અથવા જો તમે હાલમાં નિર્ણય લઈ શકો એમ નથી એવું તમને લાગતું હોય તો કૃપા કરીને સ્ટાફના સભ્યને જણાવતા અચકાશો નહીં. તમે કોઈપણ સમયે પોતાનો વિચાર બદલી શકો છો અને પોતાની સંમતિ પાછી ખેંચી શકો છો અથવા તો સંમતિ આપ્યાની પુષ્ટિ કરી શકો છો.

### માતૃત્વ સાથે સંબંધિત તપાસ ટીમ શું છે?

HSIBનો સ્ટાફ તપાસો હાથ ધરે છે, જેઓ વિવિધ પરિસ્થિતિઓમાં તપાસ કરવા તાલીમબદ્ધ અને નિપુણ હોય છે.

### માતૃત્વ સંબંધિત તપાસ અહેવાલ કેવો હશે?

તપાસના અહેવાલમાં સંદર્ભની શરતોનો સમાવેશ થયેલો હશે, જે તપાસનું મુખ્ય કેન્દ્રબિંદુ હશે. અમે તમારી સાથે મળીને આ વિકસાવીશું. તે તપાસ પ્રક્રિયા, એકત્ર કરવામાં આવેલ પુરાવા અને સંગઠનાત્મક અને રાષ્ટ્રીય એમ બંને સ્તરે સુધારાઓ માટેની ભલામણોનું પણ વર્ણન કરશે. અહેવાલને આખરી સ્વરૂપ આપવામાં આવે તે પહેલાં તમને તે વાંચવાની અને તેના પર ટિપ્પણી કરવાની તક મળશે.

### ભલામણોનો અમલ કરવામાં આવે છે તેની ખાતરી કરવા કોણ જવાબદાર હશે?

સુરક્ષાની ભલામણો એવા લોકોને કરવામાં આવશે જે HSIBના મતે ભલામણોને આગળ ધપાવવા માટે શ્રેષ્ઠ માનવામાં આવતા હોય. આ સ્થાનિક સ્તરે (ટ્રસ્ટ) અથવા રાષ્ટ્રીય સ્તરે (દા.ત. રૉયલ કૉલેજ અથવા નિયામકો) હોઈ શકે છે.

### આખરી અહેવાલો કોણ જોશે?

આખરી અહેવાલોને ગોપનીય કરવામાં આવે છે અને તમને, તેમાં સામેલ સ્ટાફ અને અન્ય કોઈપણ સંબંધિત સંસ્થાઓને આપવામાં આવે છે. વધુમાં, કેળવણીના મુખ્ય ભાગો અમારી વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવશે.

### હું HSIB તપાસ ન કરાવું તો શું થશે?

તમારી સંમતિ વિના અમે તપાસ કરી શકીશું નહિ અને કોઈપણ તપાસ કરવાની જવાબદારી ટ્રસ્ટના માથે આવશે.

## તપાસ ટીમ તરફથી તમે શાની અપેક્ષા રાખી શકો?

- તપાસ ટીમ ઘટના સાથે જોડાયેલી મુખ્ય વ્યક્તિઓ સાથે વાત કરશે. આ સામાન્ય રીતે રૂબરૂ મુલાકાતો દ્વારા કરવામાં આવે છે. જો તમને કોઈ અલગ પ્રકારે ભાગ લેવાનું સરળ લાગતું હોય (દા.ત. લેખિતમાં કે ટેલિફોનથી), તો અમે તમને જરૂરી વધારાની સહાયતા સહિત અલગ અલગ વિકલ્પોની તમારી સાથે ચર્ચા કરીશું.

- ટીમમાં એવા લોકોનો સમાવેશ થશે જેમની વિશિષ્ટપણે ઓળખ કરવામાં આવે અને જેઓ તમારા અને તમારાં કુટુંબીજનો સાથે વાત કરવા માટે તાલીમ પામેલા હોય. તપાસ ટીમના કયા સભ્ય તમારા માટે સંપર્કનો મુખ્ય સ્રોત હશે અને તમે કઈ રીતે તેઓનો સંપર્ક કરી શકો અથવા તેમને સંદેશ પહોંચાડી શકો તે અંગેની ચોક્કસ વિગતો તમને આપવામાં આવશે.

- અમારા તપાસકર્તાઓ સોમવારથી શુક્રવાર સવારે 9થી સાંજે 5 વાગ્યા સુધી કામ કરે છે અને એ જ દિવસે આ સમય દરમિયાન તેઓ સંદેશાઓનો જવાબ આપી શકશે. જો તમને ફાળવવામાં આવેલા તપાસકર્તા કોઈ કારણસર બહાર હોય તો અમે તમને સંપર્કનો બીજો વિકલ્પ આપીશું.

- અમારા તપાસકર્તાઓ તમારી સાથે સંપર્કમાં હોય તે દરમિયાન તમને રાહતનો અનુભવ કરાવવા માટે તેઓથી બનતા બધા પ્રયત્નો કરશે. ક્યાં અને ક્યારે મળવું તે વિશે તેઓ બાંધછોડ કરી શકશે અને તમારા માટે યોગ્ય હોય તે રીતે સંપર્કની પ્રક્રિયા કરવાનો પ્રયત્ન કરશે. દાખલા તરીકે, જ્યારે તમે જાતે વાત કરી શકો તેમ નથી એવું તમને લાગતું હોય ત્યારે તમે બીજી કોઈ વ્યક્તિને તમારા તરફથી વાત કરવા માટે નિયુક્ત કરી શકો છો.

- તપાસકર્તા સમગ્ર તપાસ દરમિયાન તમને માહિતગાર રાખશે.

- તપાસ પૂરી થાય ત્યારે તપાસકર્તા તારણો જણાવવા માટે અને કાચા અહેવાલ પર તમારો અભિપ્રાય મેળવવા માટે તમારો સંપર્ક કરશે.

- સંપૂર્ણ તપાસ કરવામાં સમય લાગે છે. તપાસની પ્રક્રિયા આશરે કેટલો સમય ચાલશે તે વિશે તમારી તપાસ ટીમ તમને કહી શકશે.

- એક વખત આખરી અહેવાલ તૈયાર થઇ ગયા બાદ તમે તેની એક નકલ મેળવશો, જેમાં સુરક્ષા સાથે સંબંધિત અમારી બધી ભલામણોનો સમાવેશ થાય છે.

## તમારી પાસેથી અમને શાની જરૂર પડશે

- શું થયું છે તે અમને કહેવામાં અમને તમારી સહાયતાની જરૂર પડશે, જેથી અમે તમામ હકીકતોને પૂરેપૂરી સમજી શકીએ. અમે સમજીએ છીએ કે આ એક મુશ્કેલ સમય હોઈ શકે છે અને તમને સહાયતા કરવા અને તમે જેનો લાભ લઈ શકોએ એવી વધારાની સહાયતા માટેના સ્રોતો અંગે તમને જાણ કરવા માટે અમે બનતો પ્રયત્ન કરીશું.

- તમારો સંપર્ક કરવા માટે અમારા માટે સૌથી અનુકૂળ સમય અને સ્થળ વિશે અમે તમારી સાથે ચર્ચા કરીશું.

- તપાસકર્તાઓ ઇચ્છતા હોય છે કે તપાસ શક્ય તેટલી પૂર્ણ રીતે કરવામાં આવે, તેથી એકથી વધુ વખત તમારી સાથે (અથવા તમે નીમેલી વ્યક્તિ) સાથે વાત કરવાની જરૂર પડી શકે છે. જો સંપર્કની વિગતોમાં ફેરફાર થાય (દા.ત. નવો ફોન નંબર) તો તપાસકર્તાઓને આ ફેરફાર અંગે જાણ કરવી જરૂરી છે.

## વધુ માહિતી માટે

**ઇમેલ:** enquiries@hsib.org.uk
**વેબસાઇટ:** www.hsib.org.uk

## તમારા તપાસકર્તાનું નામ/મો અને સંપર્કની વિગતો

| | | |
|---|---|---|
| **તપાસકર્તાનું નામ** | | |
| **ટેલિફોન નંબર** | | |
| **ઇમેલ** | | |

જો તમારા કોઈપણ કુટુંબીજનને આ પત્રિકા અલગ ભાષાઓ કે સ્વરૂપોમાં જોઈતી હોય તો કૃપા કરીને તમારા તપાસકર્તા સાથે વાત કરો.
HSIB વિશે વધુ માહિતી માટે કૃપા કરીને અમારી વેબસાઇટ જુઓ; **www.hsib.org.uk**

WWW.HSIB.ORG.UK
@hsib_org